જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

તંત્રી : ધનંજય ઝવેરી

વિ. સં. ૨૦૭૪ । શનિવાર । તા. ૦૧-૦૯-૨૦૧૮ । વર્ષ : ૧૫ । અંક : ૦૪ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Kuberji Publication, Damwala Compound, Servey No. 65, Plot No. 56, Bhestan, SURAT ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

હિઝબુલ મુજાહિદ્દિનના પુત્રની ધરપકડનો બદલો લેવા અપહરણ કરાયું હોવાની આશંકા

કાશ્મીરમાં આતંકીઓ બેફામ : ૧૧ પોલીસકર્મીઓના પરિજનોનું અપહરણ કર્યું

આતંકીઓ શોપિયા,કુલગામ,અનંતનાગ,અવંતિપોરામાં ત્રાટક્યા,ઘરોમાંથી જ ઉઠાવી ગયા,અપહરણ કરાયેલા લોકોમાં એક ડીસીપીનો ભાઈ પણ સામેલ

શ્રીનગર

જમ્મૂ-કાશ્મીરમાં સેનાની આક્રમક કાર્યવાહીથી આતંકવાદીઓમાં રીતસરની હતાશા જોવા મળી રહી છે. માટે આતંકવાદીઓ હવે પોલીસ અને તેમના પરિજનોને પોતાનું નિશાન બનાવી રહ્યાં છે. આતંકીઓએ દક્ષિણ કાશ્મીરના જુદા જુદા વિસ્તારોમાંથી પોલીસકર્મીઓના ૧૧ પરિજનોનું અપહરણ કર્યું છે.

સુરક્ષા એજન્સીઓના સૂત્રોનાં જણાવ્યા અનુસાર, આતંકી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનના ચીફ સૈયદ સલાઉદ્દીનના પુત્ર સૈયદ શકિલ અહમદની ધરપકડનો બદલો લેવા માટે જમ્મુ-પોલીસના કર્મચારીઓનાં સ્વજનોનું અપહરણ કર્યું હોવાની આશંકા વ્યક્ત કરી રહી છે.

આતંકીઓએ કાશ્મીરના શોપિયા, કુલગામ, અનંતનાગ અને અવંતિપોરા ખાતે ત્રાટકીને આ લોકોને તેમના ઘરેથી જ ઉઠાવી ગયા હતા. અત્યાર સુધી આતંકીઓ સુરક્ષા દળોના જવાનોનાં અપહરણ કરીને તેમની હત્યા કરતા હતા અને પોલીસ કર્મચારીઓ પર પણ હુમલા કરતા હતા, પરંતુ પોલીસકર્મીઓના પરિવારને નિશાન બનાવ્યાની આ કદાચ પ્રથમ ચોંકાવનારી ઘટના છે. એક સાથે એક જ દિવસે ૧૧ પોલીસકર્મીઓનાં સ્વજનોનાં અપહરણ થવાથી તમામ સરકારી એજન્સીઓ પણ સતર્ક બની ગઈ છે અને એક્શન પ્લાન ઘડવામાં આવી રહ્યો છે.

પોલીસે આ અંગે હજુ સુધી કોઈ અધિકૃત નિવેદન જારી કર્યું નથી. અધિકારીઓ હાલ ફક્ત એટલું જણાવી રહ્યા છે કે તેઓ આ ઘટનાની તમામ વિગતો મેળવી રહ્યા છે અને હાલના તબક્કે કંઈ કહેવું યોગ્ય નથી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, જમ્મુ-કાશ્મીર પોલીસમાં ફરજ બજાવતા જવાનોના પરિવારજનોને શોપિયા, કુલગામ, અનંતનાગ અને અવંતિપોરા ખાતેના તેમના નિવાસસ્થાનેથી ઉઠાવી જવામાં આવ્યા હતા. અપહરણ કરાયેલા આ લોકોમાં એક ડીસીપીનો ભાઈ પણ સામેલ હોવાનું એજન્સીઓએ જણાવ્યું છે.

પોલીસ અને સુરક્ષા દળોએ તમામ એજન્સીઓની મદદ લઈને સમગ્ર કાશ્મીરમાં એક મોટું સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. દેશની ગુપ્તચર એજન્સીઓ પણ તેમના ઈનપુટ્સ આપી રહી છે.

અપહરણ કરાયેલા લોકોમાં પોલીસકર્મી મોહમ્મદ મકબુલ ભટ્ટના પુત્ર જુબૈર અહમદ ભટ્ટ, એસએચઓ નાજિર અહમદના ભાઈ આરિફ અહમદ, પોલીસકર્મી બશીર અહમદના પિત્રા ફૈઝાન અહમદ, અબ્દુલ સલામના પુત્ર સુમૈર અહમદ અને ડીસીપી એજાઝના ભાઈ ગોહર અહમદનો સમાવેશ થાય છે.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ ટેરર ફંડિંગ કેસમાં ગઈ કાલે હિઝબુલના ચીફ આતંકી સૈયદ સલાઉદ્દીનના પુત્ર સૈયદ શકિલ અહમદની શ્રીનગરના રામબાગ સ્થિત તેના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. તેના ઘરેથી ઘણાં વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા.

એનઆઈએ એ સલાઉદ્દીનના મોટા પુત્ર સૈયદ શાહિદને ટેરર ફંડિંગ અને મની લોન્ડ્રિંગ કેસમાં ગત વર્ષે પકડ્યો હતો. શકીલ અહમદ શ્રીનગરની એસ.કે. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાઈન્સીસમાં લેબોરેટરી ટેક્નિશિયન તરીકે કામ કરતો હતો.

હાર્દિકના ઉપવાસ સાતમાં દિવસેય યથાવત રીતે જારી

અમદાવાદ

પાટીદારોને અનામત અને ખેડૂતોની દેવા માફી મામલે હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે સાતમો દિવસ હતો અને તેની તબિયત દિન પ્રતિદિન લથડતી અને કથળતી જાય છે પરંતુ હાર્દિક પોતાની લડાઈ અને ન્યાય માટે બહુ મક્કમ છે. દરમ્યાન હાર્દિકના છેલ્લા સાત દિવસથી આમરણાંત ઉપવાસના કારણે તેની લથડી રહેલી તબિયતની ગંભીરતા ધ્યાને લઈ આજે પાસ તરફથી પાસ નેતા નિખિલ સવાણીએ સોલા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી અને હાર્દિકના હેલ્થ મોનિટરિંગ માટે એમ્બ્યુલન્સ રાખવા માટે માંગણી કરી હતી. બીજીબાજુ, હાર્દિકના ઉપવાસ આંદોલનના સમર્થનમાં અમદાવાદ શહેર સહિત રાજયના વિવિધ જિલ્લા અને તાલુકાઓમાં પાટીદારો, ખેડૂતો સહિતના લોકોમાં સમર્થનનો જુવાળ વધતો જાય છે.

અંતે કલમ ૩૫એ ઉપર સુનાવણી જાન્યુઆરી સુધી ટાળવાનો ફેંસલો

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીરને ખાસ વિશેષાધિકાર આપનાર ચર્ચાસ્પદ અને જટિલ આર્ટિકલ ૩૫એ પર સુનાવણીને આગામી વર્ષે જાન્યુઆરી સુધી ટાળી દેવાનો નિર્ણય કર્યોછે. ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેંચ દ્વારા આ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ મામલાની સુનાવણી હવે ૧૯મી જાન્યુઆરી ૨૦૧૯ના દિવસે કરાશે. અરજી કરનાર અશ્વિની ઉપાધ્યાય દ્વારા આ કલમની બંધારણીયતાને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકવામાં આવ્યો હતો. જમ્મુ કાશ્મીરે સ્થાનિક ચૂંટણીને ધ્યાનમાં લઈને આના ઉપર સુનાવણી મોકૂફ રાખવાની માંગ કરી હતી. કેન્દ્ર સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં રજૂ થયેલા કેકે વેણુગોપાલ તરફથી માંગ કરવામાં આવી હતી કે, તમામ સુરક્ષા સંસ્થાઓ રાજયમાં સ્થાનિક ચૂંટણીની તૈયારીઓને લઈને વ્યસ્ત છે. ગુરુવારના દિવસે કલમ ૩૫એના સંદર્ભમાં કાશ્મીર ખીણમાં બંધની હાકલ કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીર અને દેશભરમાં ભારે ચર્ચા જગાવનાર કલમ ૩૫-એની કાયદેસરતાને લઈને સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર છ્ઠી ઓગષ્ટના દિવસે પણ સુનાવણી ટળી ગઈ હતી. જમ્મુ કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો આપનાર કલમ ૩૫એને રદ કરવા સાથે સંબંધિત અરજી ઉપર સુનાવણી ટાળી દેવામાં આવ્યા બાદ આ મામલામાં ઉપર સુનાવણી ૨૭મી ઓગસ્ટના દિવસે હાથ ધરવામાં આવી હતી. જો કે એ દિવસે પણ કોઈ ફેંસલો થયો ન હતો. બંધારણની આ કલમને લઈને નિષ્ણાતોના જુદા જુદા અભિપ્રાય રહ્યા છે. આને લઈને ઘણા વિવાદ પણ છે. કલમ ૩૫એના વિરોધમાં બે દલીલો મુખ્યરુપથી રહી છે જે પૈકી પ્રથમ દલીલ એ છે કે, તે રાજ્યમાં અન્ય રાજ્યના ભારતીય નાગરિકોને સ્થાનિક નાગરકિતા માનવાથી રોકે છે.

કલમ ૩૫એને લઈ ખીણના ઘણા જિલ્લામાં સ્થિતિ તંગ

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના નાગરિકોને ખાસ અધિકાર આપનાર કલમ ૩૫એને લઈને ખીણમાં તંગદિલી અકબંધ છે. કટ્ટરપંથીઓ તરફથી બંધના આહવાન બાદ કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં આજે હિંસા ભડકી ઉઠી હતી. હિંસક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં હિંસક વિરોધ પ્રદર્શન વચ્ચે સુપ્રીમમાં આજે સુનાવણી એકબાજુ ટળી ગઈ હતી. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ વિસ્ફોટક રહી હતી. સુનાવણીને ધ્યાનમાં લઈને કાશ્મીર ખીણમાં તમામ જિલ્લાઓમાં બંધની વ્યાપક અસર જોવા મળી હતી. ખીણમાં જાણી તંગદિલી વચ્ચે પાટનગર શ્રીનગર સહિત તમામ જિલ્લાઓમાં સ્કુલ અને કોલેજો તથા બજારો બંધ રહ્યા હતા. બીજી બાજુ કેટલાક વિસ્તારમાં તંગદિલી વચ્ચે અફવા ન ફેલાય તે માટે ઈન્ટરનેટ સેવાને બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો.

રાહુલ ગાંધી ચાઈનીઝ ગાંધી છે તેવો ભાજપે કોંગ્રેસને કરેલ પ્રશ્ન

રાહુલ દરેક બાબતમાં ભારતની તુલના ચીન સાથે કેમ કરતા રહે છે તે બાબત કોઈને ગળે ઉતરી રહી નથી : ચીની ચીજવસ્તુનું પ્રતિનિધિત્વ રાહુલ કરે છે

નવી દિલ્હી

ભાજપે આજે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ઉપર તેમના ચીનના સંદર્ભમાં અપવામાં આવેલા નિવેદનને લઈને જોરદાર પ્રહાર કર્યા હતા. ભાજપે રાહુલ ગાંધીને ચીનના પ્રવક્તા તરીકે ગણાવીને તેમના ઉપર ચીનની જાહેરાત કરવા સુધીના આક્ષેપો કર્યા હતા. રાહુલના કૈલાશ માનસરોવર યાત્રા ચીનના રસ્તા પર પ્રશ્ન ઉઠાવતા ભાજપે કહ્યું હતું કે, રાહુલ ગાંધીને ચીન પ્રત્યે ખુબ લગાવ છે તે બાબત સ્પષ્ટપણે દેખાઈ આવે છે. ભાજપે રાહુલને ચાઈનીઝ ગાંધી તરીકે ગણાવ્યા હતા. ભાજપે પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે, આખરે રાહુલ દરેક બાબતમાં ભારતની સરખામણી ચીન સાથે કેમ કરે છે. બીજી બાજુ આ સમગ્ર મામલાને નોનઈશ્યુ તરીકે ગણાવીને કોંગ્રેસે બચાવના પ્રયાસ કર્યા છે. કોંગ્રેસે કહ્યું છે કે,સંબિત પાત્રા આ તમામ વાત કરનાર વ્યક્તિ કોણ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગહેલોતે ટ્વીટ કરીને આને ભાજપની નબળી વિચારધારા ગણાવી હતી. ભાજપ ઉપર રાહુલની યાત્રાને રાજનીતિ બનાવવાનો આક્ષેપ કર્યો હતો. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કેટલાક વિડિયો જારી કરીને રાહુલ ગાંધીના ચીનના સંદર્ભમાં આપવામાં આવેલા નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો. રાહુલે કહ્યું હતું કે, ચીન દરરોજ ૫૦ હજાર યુવાનોને રોજગારી આપે છે જ્યારે ભારત એક દિવસમાં ૪૫૦ યુવાનોને રોજગારી આપે છે. રાહુલને આ માહિતી આખરે ક્યાંથી હાથ લાગી છે. મોદીએ ભારતમાં નોકરીની સ્થિતિ ઉપર સંસદમાં દોઢ કલાક ભાષણ આપ્યું હતું પરંતુ રાહુલને આ અંગે માહિતી ન મળી કે ચીન ૫૦ હજાર નોકરી આપે છે. તેમને આ બાબતની માહિતી હતી. રાહુલ ભારતના વલણને સમજવા માટે તૈયાર નથી. તે ચીનની જાહેરાત કરી રહ્યા છે. રાહુલ નેપાળના રસ્તે કૈલાશ માનસરોવર યાત્રા માટે ચીન પહોંચ્યા છે. અમે કોંગ્રેસને પૂછવા માંગીએ છીએ કે, રાહુલ ચીનમાં કયા કયા નેતાઓને મળનાર છે. ચીની પ્રવક્તાની જેમ વર્તન કેમ કરી રહ્યા છે. ભારતના નાગરિક તરીકે ચર્ચા કેમ કરતા નથી. રાહુલ કોના ઈશારે આગળ વધી રહ્યા છે. ડોકલામ મુદ્દા ઉપર રાહુલ ગાંધીના નિવેદન ઉપર ભાજપ પ્રવક્તાએ કહ્યું હતું કે, જ્યારે ડોકલામમાં તંગદિલી હતી ત્યારે રાહુલ કોઈને વિશ્વાસમાં લીધા વગર રાત્રે અંધારામાં ભારતમાં ચીનના રાજદૂત સાથે બેઠક યોજી રહ્યા હતા જ્યારે મિડિયામાં ફોટો સપાટી ઉપર આવ્યો ત્યારે પહેલા કોંગ્રેસે આનો ઈનકાર કર્યો હતો પરંતુ મોડેથી આની કબૂલાત કરી હતી. પોતાની જર્મની યાત્રા ઉપર રાહુલને ડોકલામને લઈને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે રાહુલે કહ્યું હતું કે તેમને આ સંદર્ભમાં માહિતી નથી જેથી નિવેદન કરશે નહીં. આવી સ્થિતિમાં ડોકલામ ઉપર રાહુલ કઈરીતે આડેધડ નિવેદન કરી રહ્યા છે. રાહુલે ડોકલામને ઢોકલામ તરીકે ગણાવીને આની ટિકા કરી હતી. સરકારે તથા સેનાએ ડોકલામ ઉપર જવાબ આપ્યા હતા. સંસદમાં જ્યારે ચર્ચા થઈ ત્યારે વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, તેઓ સંપૂર્ણ જવાબદારી સાથે નિવેદન કરી રહ્યા છે પરંતુ રાહુલને વિદેશમંત્રીમાં પણ વિશ્વાસ નથી. રાહુલને ચીની વલણ પસંદ પડ્યું હતું.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

ZAVERI

E-COMMERCE PVT.LTD

SURAT / BHARUCH

M. : 75750 06850

ZAVERI

માર્કેટીંગ સ્ટાફ જોઈએ છે

ગુજરાતમાં પાર્ટટાઈમ-ફુલટાઈમ કામ કરી માસિક ૨૫,૦૦૦/- કે તેથી વધુ કમાવાની ઈચ્છા રાખનાર વેબ-પોર્ટલ માટે જાહેરાત લાવી શકે તેવા ઉત્સાહી યુવક-યુવતીઓ

સંપર્ક કરો : ધનંજય ઝવેરી

Mo.: 99784 06923

www.jungegujarat.in

Connectindians

Rashtriya Seva Trust

Http://www.connectindians.in

આ રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ ની વેબ સાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.

૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.

૩. અન્ય ને આપની સાથે જોડી આપની

લોકલ્ટ્રા ઈન્કમ મેળવી તેમાજીજ દર ત્રણ મહિને આપનો ફોક રીન્યુ કરી શકશો અને આપના ગ્રુપ માં અન્યોને આપના આઈડી ફોક થી જોડી આપવા રીન્યુ કરી મહીને હજારો કમાઈ આપના સપના સાકાર કરી શકો છો. જેને માટે આપે શરૂઆત માં માત્ર રૂ.૨૫૦/- ભરી દર ત્રણ મહીને કમાએલા પૈસા માંથી માત્ર રૂ.૨૫૦/- ભરી ફોક રીન્યુ કરી કરાવી હજારો કમાવાની ઝડપી તક લો.

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo.: +91-75750 06849 - 50

મોદી આજે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક લોંચ કરશે

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક લોંચ કરવાને લઈને તૈયારી પૂર્ણ થઈ

દિલ્હીમાં તાલકટોરા સ્ટેડિયમ ખાતે કાર્યક્રમ : ૬૫૦ શાખા અને અન્ય સ્થળો ઉપર એક સાથે જ કાર્યક્રમનું આયોજન

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે મહત્વકાંક્ષી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકને લોંચ કરનાર છે. આના ભાગરુપે લોકો માટે ફાઈનાન્સિયલ ઈન્ક્લુશનની ખાતરી કરવા પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં વ્યાપક નેટવર્કનો ઉપયોગ કરવામાં આવનાર છે. નવી દિલ્હીમાં તાલકટોરા સ્ટેડિયમ ખાતે આ કાર્યક્રમ યોજનાર છે. ૬૫૦ બ્રાંચ અને ૩૨૫૦ પોઈન્ટ સ્થળ પર એકસાથે આ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. આનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવનાર છે. કેન્દ્ર સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સામાન્ય લોકો માટે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક પોષાય તે રીતે એક મોટી બેંક તરીકે કામ કરશે. પેમેન્ટ બેંક જેમાં ભારતીય સરકારની ૧૦૦ ટકા ઈક્વિટી હિસ્સેદારી રહેલી છે. દેશભરમાં ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસની હવે ૩૧મી ડિસેમ્બર ૨૦૧૮ સુધી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક સાથે લિંક કરી દેવામાં આવશે. મોદીએ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક લોન્ચ કરવા માટે સમય આપ્યા બાદથી ચર્ચા હતી. આ બેન્કની બે શાખાઓ પહેલાથી જ ઓપરેશનલ થઈ ચુકી છે. બાકીની ૬૪૮ શાખાઓ દરેક જિલ્લામાં દેશભરમાં લોન્ચ કરાશે. દુરસંચાર મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસ શાખાઓ સુધી પહોંચશે. જેના ભાગરૂપે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને બેન્કીંગ અને ફાઈનાન્સિયલ સર્વિસ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સરકાર ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક સર્વિસ સાથે ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસ શાખાઓને લીન્ક કરવાની યોજના ધરાવે છે.

ઉપવાસમાં તંત્રની હેરાનગતિ મુદ્દે ખુલાસો માંગતી હાઈકોર્ટ

હાર્દિકને પોલીસ દ્વારા નજર કેદ કરાયો છે અને ઉપવાસના સ્થળે જીવનજરૂરી ચીજવસ્તુ પણ લઈ જવા દેવાતી નથી

અમદાવાદ

પાટીદારોને અનામત અને રાજ્યના ખેડૂતોને દેવામાફીની માંગણી સાથે આમરણાંત ઉપવાસ પર ઉતરેલા હાર્દિક પટેલના શાંતિપૂર્ણ ઉપવાસ દરમ્યાન તંત્ર અને પોલીસ દ્વારા થઈ રહેલી હેરાનગતિ, દાદાગીરી અને રંજાડગતિને લઈ પાસના કન્વીરો તરફથી પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલી રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસેથી આ સમગ્ર મામલે ખુલાસો માંગ્યો છે. હાઈકોર્ટે અરજદારપક્ષ તરફથી અરજીમાં ઉઠાવાયેલા મુદ્દાઓ અનુસંધાનમાં જરૂરી સોગંદનામું રજૂ કરવા રાજ્ય સરકારને હુકમ કર્યો છે. હાઈકોર્ટે સમગ્ર કેસની વધુ સુનાવણી તા.૪થી સપ્ટેમ્બર પર મુકરર કરી છે. મહત્વની એવી આ અરજીમાં પાસના કન્વીનરો તરફથી તંત્ર અને પોલીસ પર ગંભીર આરોપ લગાવાયા હતા કે, હાર્દિકને પોલીસ તંત્ર દ્વારા નજરકેદ કરાયો છે અને ઉપવાસના સ્થળે જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ લઈ જવા દેવાતી નથી. પાટીદાર અનામત આંદોલન સમિતિ તરફથી કરાયેલી રિટ અરજીમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા હતા કે, પાસના કન્વીનર અને પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલ દ્વારા પાટીદારોને અનામત અને રાજ્યના ખેડૂતોને દેવામાફીની માંગણી સાથે આમરણાંત ઉપવાસ ચાલી રહ્યા છે.

પટીયાલા હાઉસ કોર્ટે મંજુર કર્યા જામીન

IRCTC કાંડ : રાબડી દેવી, તેજસ્વી સહિતનાને જામીન



નવી દિલ્હી

આઈઆરસીટીસી કૌભાંડ મામલે બિહારની ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી અને તેમના પુત્ર તેજસ્વી યાદવ સહિત તમામ આરોપીઓને જામીન મળી ગયા છે. આઈઆરસીટીસી ટેન્ડર ગોટાળા કેસમાં આ જામીન મંજુર કરવામાં આવ્યા છે. આ સાથે જ બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવ અને રાબડીદેવી તેમજ બિહાર વિધાનસભા વિરોધપક્ષના નેતા તેજસ્વી યાદવને મોટી રાહત મળી છે. આઈઆરસીટીસી કૌભાંડ સાથે સંકળાયેલ મામલામાં પટિયાલા હાઉસ કોર્ટે તમામ આરોપીઓને જામીન આપ્યા છે. રાબડી દેવી અને તેજસ્વી યાદવ આજે પટિયાલા કોર્ટ સમક્ષ હાજર થયા હતા અને કોર્ટે બન્નેના રુપિયા ૧ લાખના પર્સનલ બોન્ડ પર જામીન મંજુર કર્યા છે. સ્પેશિયલ જજ અરવિંદ કુમારે આઈઆરસીટીસીની બે હોટલના સંચાલનની જવાબદારી એક ખાનગી કંપનીને સોંપવાની પ્રક્રિયામાં થયેલ ગેરરીતીઓ સાથે સંકળાયેલ એક કેસમાં તમામ આરોપીઓને ૩૧ ઓગસ્ટના રોજ હાજર થવાનો આદેશ આપ્યો હતો. ૨૪ ઓગસ્ટે આ કેસમાં એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરોરેટે એક ચાર્જશીટ ફાઈલ કરી હતી.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આપ્યા સંકેત

ડિઝિટલ લેવડ-દેવડમાં થતી છેતરપીંડી માટે બનશે લોકપાલ

નોટબંધી લાગુ થયા બાદ દેશમાં ડિઝિટલ લેવડ દેવડ વધી પરંતુ સામે લોકો સાથે છેતરપીંડીની ઘટના પણ વધી

નવી દિલ્હી

દેશમાં ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ લાગુ થયેલ નોટબંધી બાદથી ડિઝિટલ લેવડ-દેવડનો ઉપયોગ વધી રહ્યો છે. જે ઝડપથી દેશભરમાં ડિઝિટલ લેવડ-દેવડ વધી રહી છે, તે જ ગતિથી તેની સાથે સંકળાયેલ છેતરપીંડીની ફરીયાદો પણ સામે આવી રહી છે. ડિઝિટલ લેવડ-દેવડ સાથે સંકળાયેલ ફરીયાદોનો ઉકેલ લાવવા માટે ભારતીય રીઝર્વ બેંક (આરબીઆઈ)એ એક અલગ લોકપાલ બનાવવાનો નિર્ણય કર્યો છે, જેથી આવી છેતરપીંડીની ઘટનાઓનો તાત્કાલિક નિવેડો લાવી શકાય. આ અંગેનો ઉલ્લેખ ખૂદ આરબીઆઈના એક રીપોર્ટમાં કરવામાં આવ્યુ છે, જે મુજબ ડિઝિટલ લેવડ-દેવડમાં થતી છેતરપીંડીનો ઉકેલ લાવવા અલગ લોકપાલ બનાવવામાં આવશે. રીપોર્ટમાં આરબીઆઈએ જણાવ્યુ કે,



હાલ ડિઝિટલ નાણાંકીય લેવડ-દેવડના કારણે લોકપાલ કોઈપણ બેંકના અધિકાર વિસ્તારમાં પ્રાથમિકતાથી સામેલ નથી. પરંતુ ડિઝિટલ લેવડ-દેવડને લઈ વધી રહેલ ફરીયાદોને જોતા અને પેમેન્ટ્સ બેંકોની વધતી સંખ્યાને જોતા લોકપાલને લાવવાની જરુરીયાત ઉભી થઈ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના વાર્ષિક રીપોર્ટમાં ભારતીય રીઝર્વ બેંકે જણાવ્યુ કે, ચાલુ વર્ષે ડિઝિટલ લેવડ-દેવડને લઈને ફરીયાદોમાં વધારો થયો છે. આપને જણાવી દઈએ કે, નોટબંધી બાદથી મોદી સરકાર પણ ડિઝિટલ સેવાનો લોકો ઉપયોગ કરે તેના પર ભાર આપી રહી છે. આ માટે સરકાર દ્વારા ભીમ એપ પણ લોન્ચ કરવામાં આવી છે. તેમજ અન્ય ખાનગી પેમેન્ટ બેંકો પણ અલગ અલગ પ્રકારની ઓફરો અને કેશબેક આપીને ડિઝિટલ ટ્રાન્જેક્શન વધે તે માટે પ્રયત્નો કરી રહી છે. જોકે, આ ડિઝિટલ ટ્રાન્જેક્શનમાં અનેક છેતરપીંડી થતી હોવાની પણ ફરીયાદો સામે આવી રહી છે, જેથી આખરે આરબીઆઈએ આવી ફરીયાદોનો નીવેડો લાવવાના પ્રયાસ હાથ ધર્યા છે.

એનટીઆરઓ નિષ્ણાંતોની મદદ હાલમાં લેવાઈ રહી છે

નવી દિલ્હી

આઈએસ પ્રત્યે હળવું વલણ ધરાવનાર યુવાનોને શોધી કાઢવા માટેની પ્રક્રિયા વધુ ઝડપી બનાવવામાં આવી છે. આના ભાગરુપે સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. થોડાક દિવસ પહેલા જ આ સંદર્ભમાં ભારે હોબાળો મચ્યો હતો. અલબત્ત આઈએસ પોતાનું નેટવર્ક ભારતમાં સ્થાપિત કરવામાં સફળ રહ્યું નથી પરંતુ તેના પ્રત્યે હળવું વલણ ધરાવનાર યુવાનોની વિગત અગાઉ મળી હતી જેના આધાર પર હળવું વલણ ધરાવનાર ૧૫૦થી વધુ ભારતીય યુવાનોની આઈએસ તરફી વેબસાઈટ, ટ્વીટર હેંડલ્સ, ફેસબુક એકાઉન્ટ પરની ઓનલાઈન ગતિવિધિ ધ્યાનમાં રાખવામાં આવી રહી છે. હાલમાં ભારતની આઈએસ વિરોધી વ્યુહરચનામાં આજ વ્યુહરચના અપનાવવામાં આવી રહી છે. નેશનલ ટેકનીકલ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (એનટીઆરઓ) માંથી નિષ્ણાંતોની મદદ લેવામાં આવી રહી છે. દેશભરમાં આઈએસ સંબંધિત ઓનલાઈન ટ્રાફિક ગતિવિધિ ઉપર પણ નજર રખાઈ રહી છે. જાણકારોનું કહેવું છે કે, જમ્મુ-કાશ્મીર, આસામ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળ સાથે જોડાયેલા યુવાનોની સંખ્યા સૌથી વધારે છે. શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાંથી વધારે રસ ધરાવનાર લોકો છે. જેમાં શ્રીનગર, ગુવાહાટી, હાવડા, મુંબઈ અને ઉનાવનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજે ફટકારી સજા

ખોટા દસ્તાવેજ ઉભા કરી જમીન પચાવી પાડનારને ૭ વર્ષની સજા

મોટેરાના કોટેશ્વરમાં ખેડૂતની જમીન ખોટા દસ્તાવેજ ઉભા કરીને પડાવી લેવાના પ્રયાસ અંતર્ગત ફટકારાઈ સજા

અમદાવાદ

અમદાવાદના મોટેરા ગામ પાછળ આવેલ અને ગાંધીનગર જિલ્લાની હદમાં આવતા કોટેશ્વરમાં ખેડૂતની જમીન પચાવી પાડવાના કેસમાં ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટના છઠ્ઠા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે નરોડા વિસ્તારમાં રહેતા ૬૮ વર્ષીય ભૂમાફીયા પરસોત્તમદાસ ચિમનાણીને ગુનેગાર ઠેરવી સાત વર્ષની જેલની સજા ફટકારી છે. આરોપી પરસોત્તમદાસ ચીમનાણી પર ગાંધીનગરના કોટેશ્વરના ખેડૂતની ૧૧ વીઘા જમીન પચાવી પાડવાનો પ્રયાસ કર્યાનો આરોપ હતો. મળતી માહિતી મુજબ, ગાંધીનગર તાલુકાના કોટેશ્વર ગામે ૧૧ વીઘા જમીન ધરાવતા રામાજી છોટાજી ઠાકોરે વર્ષ ૨૦૦૫માં અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી, જેમાં તેમણે નરોડા પાટીયા પાસે રહેતા પરસોત્તમદાસ ચીમનાણી સામે છેતરપીંડી સહિતની અલગ અલગ કલમ હેઠળ ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદી રામાજીના વકિલ કરણસિંહના જણાવ્યા મુજબ આરોપી પરસોત્તમદાસે જમીન માલિક રામાજીની જમીનના કોટા કાગળો તૈયાર કરીને છેતરપીંડી પાવર ઓફ એટર્ની મૃતક વ્યક્તિની ઉપજાવી કાઢીને પોતાના જ જનામે ગેરકાયદેના વેચાણ દસ્તાવેજ બનાવી દીધા હાત. કોટેશ્વરની આ જમીન છેતરપીંડીના કેસમાં મેજિસ્ટ્રેટ આરડી મહેતાએ વકિલોની દલીલો, દસ્તાવેજી પુરાવા, તપાસ અધિકારીની જુબાની તથા સાહેદોને તપાસીને આરોપી પરસોત્તમદાસને આઈપીસી ૪૦૬માં એક વર્ષની સાદી સજા રુપિયા ૫ હજારના દંડ સહિત સાત વર્ષની સાદી કેદ તથા ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે.

કોંગ્રેસ પાર્ટીના ભાજપ ઉપર વળતા પ્રહારો

મહાદેવના દર્શન કરવા માટે મોદીની પરવાનગી જરૂરી ?

રાહુલની કૈલાશ માનસરોવર યાત્રાને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર ચર્ચા છેડાઈ : સુરજેવાલા મેદાનમાં

નવીદિલ્હી

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની કૈલાશ માનસરોવર યાત્રાને લઈને રાજકીય વિવાદ છેડાઈ ગયો છે. ભાજપે ચીનના રસ્તે કૈલાશ માનસરોવર જઈ રહેલા રાહુલ ઉપર પ્રહાર કરીને એકબાજુ તેમને ચાઈનીઝ ગાંધી ગણાવ્યા છે. બીજી બાજુ કોંગ્રેસ તરફથી પણ વળતા પ્રહાર કરવામાં આવ્યા છે. કોંગ્રેસે રાહુલ ગાંધીને શિવ ભક્ત તરીકે ગણાવીને કહ્યું છે કે, મહાદેવના દર્શન માટે પણ હવે રાહુલને નરેન્દ્ર મોદીની મંજુરી લેવી પડશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સુરજેવાલાએ કહ્યું છે કે, ભોલેશંકર અને તેમના ભક્તો વચ્ચે જે પણ આવે છે તે પાપ અને શ્રાપના ભાગીદાર બને છે. રાહુલે આજે કૈલાશ માનસરોવરની યાત્રા શરૂ કરી હતી. ભાજપના પ્રહાર બાદ કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ પણ વળતા આક્ષેપ કર્યા હતા. સુરજેવાલાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી દેશની પ્રગતિની કામના માટે ધાર્મિક યાત્રા ઉપર ગયા છે. શિવભક્ત રાહુલ અને ભોલેશંકરની આરાધનામાં કોઈ અન્ય આવી શકે તેમ નથી. ભાજપના લોકો કાવતરા ઘડી રહ્યા છે. દેશના ગર્વ માટે રાહુલ યાત્રા કરી રહ્યા છે.

ભાજપ દ્વારા રાહુલની ધાર્મિક યાત્રામાં પણ અડચણો ઉભી કરવામાં આવી રહી છે. મહાદેવની યાત્રા માટે પણ મોદીની મંજુરી લેવી પડશે તેવો પ્રશ્ન સુરજેવાલાએ કર્યો હતો. રાહુલે ચીનના કનેક્શનના સંદર્ભમાં સુરજેવાલાએ કહ્યું હતું કે, જો આપના મનમાં ભક્તિ છે તો આને લઈને કોઈ પ્રશ્ન હોવા જોઈએ નહીં.

મોદી સરકારને ગબડાવવા માઓવાદી સક્રિય થયા છે

દરોડાની કાર્યવાહીને લઈને છેડાયેલી ચર્ચા વચ્ચે મહારાષ્ટ્ર પોલીસે ચોંકાવનારી વિગતો આપી : દસ્તાવેજો રજૂ કરાયા

મુંબઈ

માઓવાદીઓના શુભચિંતકોની સામે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવ્યા બાદ દેશભરમાં છેડાયેલી જોરદાર ચર્ચા વચ્ચે મહારાષ્ટ્ર પોલીસે આજે કાર્યવાહીને યોગ્ય ગણાવી હતી. મહારાષ્ટ્રના એડીજી (કાયદો અને વ્યવસ્થા) પરમવીરસિંહે આજે કહ્યું હતું કે, માઓવાદીઓની સામે કાર્યવાહી પુરાવાના આધાર પર કરવામાં આવી છે. દરોડા દરમિયાન કેટલાક મહત્વના દસ્તાવેજો પણ હાથ લાગ્યા છે. પોલીસે આક્ષેપ કરતા કહ્યું છે કે, માઓવાદીઓના કાવતરા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને બગાડીને સરકારને ગબડાવી દેવાની રહી છે. એક ત્રાસવાદી સંગઠન પણ આ કાવતરામાં માઓવાદીની સાથે હોવાનો દાવો કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર પોલીસે માઓવાદીઓના કેટલાક પત્રો જાહેર કરતા આક્ષેપ કર્યો હતો કે, માઓવાદી મોદી રાજને ખતમ કરવા માટે હથિયારો અને ગ્રેનેડ ખરીદવા ઈચ્છુક હતા. માઓવાદી એમ-૪ ગ્રેનેડ લોન્ચરના ચાર લાખ રાઉન્ડ ખરીદવા ઈચ્છુક હતા. માઓવાદીઓની પાસે પહેલાથી જ રશિયામાં બનેલા જીએમ-૯૪ ગ્રેનેડ લોન્ચર રહેલા છે. એક અન્ય પત્રમાં રાજીવ ગાંધી જેવી ઘટનાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભારતની વધી શકે છે મુશ્કેલીઓ

ચીન બ્રહ્મપુત્રામાં છોડી શકે છે પાણી, આસામમાં પૂરનો ખતરો

ચીનની ચેતવણીને જોતા આસામમાં ડિબ્રુગઢના અધિકારીઓને જિલ્લા કાર્યાલય ન છોડવા માટે સુચના આપવામાં આવી છે



નવી દિલ્હી

સરહદ અને સૈન્ય લેવલ પર ભારતની ચિંતાઓમાં વધારો કરનાર ચીન હવે પાણીના માધ્યમથી ભારત માટે મુશ્કેલીઓ ઉભી કરી શકે છે. ચીને એક એલર્ટ જાહેર કરતા જણાવ્યુ છે કે, તેમના દેશમાં ઘણો વરસાદ થઈ રહ્યો છે, એટલે તે બહુ જલ્દી બ્રહ્મપુત્ર નદીમાં પાણી છોડી શકે છે. ચીનની આ ચેતવણીને જોતા આસામમાં ડિબ્રુગઢના અધિકારીઓને જિલ્લા કાર્યાલય ન છોડવા માટે સુચના આપવામાં આવી છે. અધિકારીઓને જણાવવામાં આવ્યુ છે કે ચીન દ્વારા પાણી છોડવામાં આવતા બ્રહ્મપુત્ર નદીનુ જળસ્તર વધી શકે છે, જેના કારણે ભીષણ પૂરનો ખતરો રહેલો છે. અરુણાચલપ્રદેશના સાંસદ નિનોંગ એરીંગે પણ એ વાતની પુષ્ટી કરી છે કે ચીનનના સિયાંગ/બ્રહ્મપુત્ર નદી માટે ભારતને પૂર માટે એલર્ટ કર્યુ છે. ચીનના આ એલર્ટ બાદ કેન્દ્ર સરકારે અરુણાચલપ્રદેશને પણ સતર્ક રહેવા માટે સુચના આપી દીધી છે. બ્રહ્મપુત્રા નદી ચીન તરફથી થઈને આવે છે, ચીનમાં આને સાંગ્પોના નામથી ઓળખવામાં આવે છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે નદીમાં પાણીનુ લેવલ ૫૦ વર્ષના સૌથી વધુ સ્તર પર છે. આજ કારણ છે કે ચીન બ્રહ્મપુત્રા નદીમાં પાણી છોડી શકે છે. એલર્ટ બાદ બ્રહ્મપુત્રા નદીની આસપાસના વિસ્તારોને પણ એલર્ટ રહેવા જણાવી દેવામાં આવ્યુ છે. મહત્વનુ છે કે, હાલમાં જ ભારતનુ જળ સંશાધન, નદી વિકાસ અને ગંગા પુર્નજીવન મંત્રાલય અને ચીનના જળ સંશાધન મંત્રાલય વચ્ચે થયેલ કરાર અંતર્ગત એ નક્કી થયુ હતું કે ચીન દર વર્ષે વરસાદી સીઝન એટલે કે ૧૫ મેથી ૧૫ ઓક્ટોબર વચ્ચે બ્રહ્મપુત્ર નદીમાં જળ પ્રવાહ સાથે સંકળાયેલ સુચના ભારતને આપશે.

હવે કમ્બોડીયામાં સ્થિત શિવ મંદિરનો જીર્ણોદ્ધાર કરશે ભારત

કમ્બોડીયા

ભારતે હવે કમ્બોડીયામાં આવેલ શિવ મંદિરનો જીર્ણોદ્ધારની જવાબદારી લીધી છે. કમ્બોડીયામાં ૧૧મી સદીનું આ પ્રાચીન મંદિર ખૂબ જ જર્જરીત હાલતમાં છે,જેના સમારકામમાં ભારત વ્હારે આવ્યુ છે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે કમ્બોડીયાના પ્રકાશ સોખોન સાથે દ્વિપક્ષીય વાતચીત દરમિયાન આ અંગેની જાહેરાત કરી હતી. તેમણે બન્ને દેશોના સંબંધો વધુ સારા બને તે માટે કેટલાક કરારો પર હસ્તાક્ષર પણ કર્યા હતા. બીજીબાજુ કમ્બોડીયાના રીમોટપ્રેકા વિહાર જેને પ્રીકવિહાર મંદિર પણ કહેવામાં આવે છે. આ ૧૧મી સદી પહેલાના મંદિરનો જીર્ણોદ્ધાર ભારત કરશે, તેવો કરાર પણ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજની મુલાકાત દરમિયાન કરવામાં આવ્યો છે. યુનેસ્કોના જણાવ્યા મુજબ ૮૦૦ મીટરના ક્ષેત્રફળમાં ફેલાયેલુ આ શિવ મંદિર ખૂબ જ પૌરાણિક છે.

સમાજ અને સંસ્કૃતિના સર્વાંગી વિકાસના પાયામાં પ્રત્યેક મહિલાઓનું પ્રદાન નોંધનીય છે - સામાજિક અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર

વલસાડ

વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર મહિલાઓનું સન્માન કરાયું - ગોલ્ડન ગર્લ સરિતા ગાયકવાડને શુભેચ્છા પાઠવતા સામાજિક અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર





વલસાડ જિલ્લા કક્ષાનું 'અભયમ્' મહિલા સંમેલન યોજાયું

વલસાડ જિલ્લા કક્ષાનું 'અભયમ્' મહિલા સંમેલન મોંઘાભાઈ હોલ ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારની અધ્યક્ષતામાં યોજાયું હતું. આ અવસરે તા.૧લી સપ્ટેમ્બરથી એક માસ માટે યોજાનાર 'રાષ્ટ્રીય પોષણ માહ'નો શુભારંભ પણ મંત્રીશ્રીએ કરાવ્યો હતો.

મહિલા અને બાળ વિકાસ વિભાગના ઉપક્રમે મહિલા સુરક્ષાના સંકલ્પ સાથે યોજાયેલા આ સંમેલનને સંબોધતાં મંત્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, સમાજ કે સંસ્કૃતિના સર્વાંગી વિકાસના પાયામાં પ્રત્યેક મહિલાઓનું પ્રદાન નોંધનીય છે. મહિલાઓની કામગીરીનું મૂલ્ય આંકવું મુશ્કેલ છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૦૭ના વર્ષમાં મહિલા અને બાળ વિકાસ વિભાગની અલગ રચના કરવામાં આવી હતી. રાજ્ય સરકાર સતત આપણી મહિલાઓની સતત ચિંતા કરે છે અને આ નિઃશુલ્ક હેલ્પલાઈનનો મહત્તમ મહિલાઓ ઉપયોગ કરે તેવી સરકારને પ્રતિબધ્ધતા છે ત્યારે ૧૮૧-અભયમ એપ ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આધુનિક ટેકનોલોજીનો આ નવતર પ્રયોગ એ ગુડ ગવર્નન્સ અને મહિલાઓ પ્રત્યેની સંવેદનશીલતાની પ્રતિબધ્ધતા છે. મહિલાઓની સુરક્ષાના ભાગરૂપે અભયમ મહિલા સંમેલનો યોજવામાં આવી રહયાં છે. મહિલાઓની સહભાગીદારીતા વધે તે હેતુસર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામત સહિત અનેક ક્ષેત્રોમાં મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે ત્યારે મહિલાઓ તેમાં આગળ આવે તે જરૂરી છે. મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલા સશક્તિકરણ પખવાડિયું ઉજવાય છે. ગુજરાતમાં મહિલાઓ સંબંધિત ગુનાઓની સંખ્યા નહિવત છે. ૧૮૧ મહિલા અભયમ એપ થકી અનેક મહિલાઓને માર્ગદર્શન અને પોલીસની મદદ મળી છે. મંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા અમલી મહિલાલક્ષી વિવિધ યોજનાઓની જાણકારી આપી તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ સરિતા ગાયકવાડે એશિયન રમતોત્સવમાં સુવર્ણપદક મેળવ્યો છે તેને અભિનંદન પાઠવ્યા હતા. રાજયના મુખ્યમંત્રીએ રૂા. એક કરોડ રુપિયાનો પુરસ્કાર પણ જાહેર કર્યો છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ખેલ મહાકુંભના આયોજન થકી ગુજરાતના અનેક રમતવીરોએ પોતાની શક્તિ પ્રદર્શિત કરવાનો અવસર પ્રાપ્ત થયો છે.

વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણે મહિલાઓને જણાવ્યું હતું કે, જે દેશમાં મહિલાઓ સમજદાર હોય તે દેશ હંમેશા અગ્રેસર રહે છે. રાજય સરકારની નારીશક્તિ પ્રત્યેની સંવેદનશીલતાને લઈ ૧૮૧ મહિલા હેલ્પલાઈન શરૂ કરી છે, જેનો સર્વે મહિલાઓને લાભ લેવા જણાવ્યું હતું. તેમણે બહેનોને જાગૃત બની અત્યાચાર સહન ન કરતાં તેનો સામનો કરવા પણ જણાવ્યું હતું. સંમેલનમાં ઉપસ્થિત મહિલાઓ પાસે કુપોષણ દૂર કરવા માટેનો સંકલ્પ લેવડાવ્યો હતો.

પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ મીનાબેન ચૌધરીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, મહિલાઓને મુશ્કેલીઓને ધ્યાને લઈ તે મુશ્કેલીઓનું નિવારણ થાય તે મુજબની યોજનાઓ અમલમાં લાવે છે, જેનું શ્રેષ્ઠ ઉદાહરણ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન છે.

જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી શૈલેષભાઈ કણજરીયાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, નારી અદાલત તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળની કામગીરીનો પરિચય આપ્યો હતો. તા.૧લી સપ્ટેબરથી પોષણ માસની શરૂઆત થનાર છે, જેમાં સગર્ભા મહિલા, નાના બાળકો તેમજ અન્ય મહિલાઓએ લેવાની થતી કાળજી અંગે તેમજ કૃપોષણ દૂર કરવા માટેની જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે, જેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમની કંચનબેન પટેલે મહિલા સુરક્ષા ટીમ, ગાયત્રીબેન પટેલે ૧૮૧ - અભયમ્ મોબાઈલ એપ તેમજ તેની કામગીરીની વિસ્તૃત જાણકારી આપી સંકટ સમયે તેનો અવશ્ય લાભ લેવા તેમજ અન્ય લોકો પણ તેનો લાભ લે તે માટે જાગૃત કરવા અનુરોધ કર્યો હતો.

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો લાભ મેળવનાર મહિલાઓએ તેનો પ્રતિભાવ રજૂ કરી રાજય સરકારની આ મહિલાલક્ષી યોજના અંગે આભારની લાગણી વ્યક્ત કરી હેલ્પલાઈનની પ્રવૃત્તિને બિરદાવી હતી.

આ અવસરે પોલીસ સ્ટેશન બેઝૂડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર, ૧૮૧ અભયમ હેલ્પલાઈનના કાઉન્સેલર, મહિલા કોન્સ્ટેબલ તેમજ નારી અદાલતના કો-ઓર્ડિનેટર વગેરેનું તેમના ક્ષેત્રોમાં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ પ્રસંશાપત્રા આપી સન્માનિત કરાયા હતા.

સ્વાગત પ્રવચન પ્રોગ્રામ ઓફિસરે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આઈ.પી.ગાંધી હાઈસ્કૂલની શિક્ષિકા ઉન્નતિબેન દેસાઈએ કર્યું હતું. આભારવિધિ દહેજ પ્રતિબંધક અધિકારી શૈલેષભાઈએ કરી હતી.

આ અવસરે ધારાસભ્યો સર્વે કનુભાઈ દેસાઈ, ભરતભાઈ પટેલ, મહિલા અને બાળ વિકાસ સમિતિના અધ્યક્ષા ભાનુબેન પટેલ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ વંદનાબેન ટંડેલ, જિલ્લા વિકાસ અધિકારી આર.જી.ગોહિલ, મહિલા મોરચાના પ્રતિનિધિઓ સહિત મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહી હતી.

વરાછા હીરા બજારના વેપારી તુષાર સવાણીએ જંગી રકમમાં ઉઠમણું કર્યું

ઉઠમણામાં હીરાબજારના સંખ્યાબંધ વેપારીઓ સલાવાયા

સુરત

જાંગડ ઉપર રૂપિયા ૬૬.૩૯ લાખના હીરા લઈ જઈ વિશ્વાસઘાત-છેતરપિંડી કરનાર સામે વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેડરોડ કેશવ પાર્ક સોસાયટીમાં રહેતા હિરા વેપારી હિતેશ વેલજીભાઈ ધોરીનો વિશ્વાસ કેળવી આરોપી તુષાર અમરશીભાઈ સવાણી (રહે. સાંઈ મિલન એપાર્ટમેન્ટ, અમરોલી)એ જાંગડ ઉપર હીરા દલાલથી હીરા વેચવા માટે રૂપિયા ૬૬,૩૯,૭૫૬ના તૈયાર હીરા મેળવ્યા હતા. ત્યારબાદ આરોપીએ પેમેન્ટ નહીં ચૂકવી ઠગાઈ કરી હતી. આરોપી તુષાર સવાણીએ અનેક વેપારીઓ સાથે આ રીતે ઠગાઈ કરી હતી. વરાછા પોલીસે હીતેશભાઈ વેલજીભાઈની ફરિયાદ નોંધી હતી. વધુ તપાસ પો.ઈ. એમ.પી. પટેલે હાથ ધરી છે. હીરા બજારમાંથી વેપારીએ અન્ય વેપારીઓ પાસેથી લાખોનો માલ ખરીદી ઉઠમણું કરતાં સંખ્યાબંધ નાના-મોટા વેપારીઓ સલવાય ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

કામરેજ ટોલ નાકા પાસે ટ્રકમાં લઈ જવાતા ૧૫ ઉંટને છોડાવાયા

એક જ ટ્રકમાં ઠાસી ઠાસીને ૧૫ ઉંટને ભરવામાં આવ્યા હતા

સુરત

કામરેજ ટોલટેક્ષ પાસેથી પસાર થઈ રહેલી એક ટ્રકમાંથી પોલીસે નાના મોટા ૧૫ ઊંટોને છોડાવી ટ્રક ચાલક તથા ક્લીનરની ધરપકડ કરી હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કામરેજ પોલીસ મથકમાં આનંદભાઈ અમીરભાઈ ફરજ બજાવે છે. ગત દિવસોના તેઓને મળેલી એક બાતમીના આધારે કામરેજ ટોલટેક્ષ પાસે વોચમાં ઊભા હતા. ત્યારે આરજે-૧૪-જીજે-૫૪૧૫ નંબરની ટ્રકમાં ચાલક ખાલીમ આજીમ પઠાણ તથા તેનો ક્લીનર ઈન્તઝાર અલી નાનક ધોબી વગર પાસે પરમીટે તેમના ઘાસચારા અનેપાણીની વ્યવસ્થા વગર નાના-મોટા ૧૫ ઊંટો ભરીને જતા હતા. તે વખતે પોલીસે ટ્રક ચાલકને રોકી નાના-મોટા ૧૫ ઊંટોને છોડાવી લઈ ટ્રક ચાલક અને ક્લીનર સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. ટ્રક ચાલક હરિયાણા તથા ક્લિનર ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લાનો વતની હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પાંચમી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ભાવનગરમાં યોજાશે

સુરત

પાંચમી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૧૮નું આયોજન એસએજી ટેબલ ટેનિસ હોલ, સીદસર સ્પોર્ટ્સ કોપ્લેક્ષની પાછળ, સીદસર, ભાવનગર ખાતે ૧૯ થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટનું આયોજન ભાવનગર જીલ્લા ટેબલ ટેનિસ એસોસીએશન (બીડીટીટીએ) દ્વારા ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન (જીએસટીટીએ)ના માર્ગદર્શન હેઠળ થવા જઈ રહ્યું છે. આ ટુર્નામેન્ટ મીની કેડેટ બોયસ અને ગર્લ્સ, કેડેટ બોયસ અને ગર્લ્સ, સબ જુનીયર બોયસ અને ગર્લ્સ, જુનીયર બોયસ અને ગર્લ્સ, યુથ બોયસ અને ગર્લ્સ તેમજ મેન્સ અને વિમેન્સ જેવી વિવિધ બાર કેટેગરીમાં રમાશે. ખેલાડીઓ એ સંબંધિત જિલ્લા એસોસિયેશનની ઑફિસ ખાતે એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખ ૧૩મી સપ્ટેમ્બર છે. સ્પર્ધામાં ભાગ લેવા માટેનું એન્ટ્રી ફોર્મ અને અન્ય માહિતી સંસ્થાની વેબસાઈટ www.gstta.in પરથી મેળવી શકાશે તેવું જીએસટીટીએના માનદ્ મંત્રી હરેશ સંગતાનીની યાદીમાં જણાવ્યું છે.

આવતીકાલે ખટોદરા આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય નિદાન તથા સારવાર કેમ્પ

સુરત

ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળો થવાની શક્યતા વધુ રહે છે. જેથી શહેરીજનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આમ ૨૦૦૭ થી ૨૦૧૫ દરમ્યાન કુલ ૧૪૮ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૮માં ૭ મેડીકલ કેમ્પ મળી કુલ ૧૫૫ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં જાહેર જનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૮નો આઠમો મેડીકલ કેમ્પ તા.૧-૯-૨૦૧૮ને શનિવારના રોજ ઉધના શહેરી આરોગ્ય કેન્દ્ર, જોગાણી માતાના મંદિર પાસે, હનુમાન એસ્ટેટની બાજુમાં, સુરત રક્તદાન કેન્દ્ર નીચે ખટોદરા, સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન તથા સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે. જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર, મસ્કતિ, નવી સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે. તદ્ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ, ફાઈલેરીયા, મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

ગંગાની સફાઈ માટે જર્મની તરફથી મળી ૯૯૦ કરોડ રુ.ની લોન

નવી દિલ્હી

દેશની જીવનદાતા નદી ગંગાની સફાઈ માટે જર્મનીએ ભારતને ૧૨ કરોડ યૂરો એટલે કે આશરે ૯૯૦ કરોડ રુપિયાની સોફ્ટ લોન (ઓછા વ્યાજદરે લોન) આપી છે, જેથી ઉત્તરાખંડમાં સીવરેજ વોટર ટ્રીટમેન્ટના આધારભૂત માળખાને વધુ સશક્ત બનાવવામાં આવી શકે. જર્મનીના દૂતાવાસના અધિકારી જેસ્પર વેકે આ અંગેની જાણકારી આપી હતી. જેસ્પર વેકે જર્મન દૂતાવાસ તરફથી આ અંગે થનાર કાર્યોની માહિતી આપતા જણાવ્યુ હતું કે, આ પરિયોજનાનુ ફોકસ ૩૬૦ કિલોમીટરના વિસ્તારમાં હશે. સુવરેજ પ્રણાલીના વિસ્તારમાં ફેરફાર થશે તેમાં પ્રત્યેક ઘરને જોડવામાં આવશે. તેમાં લગભગ ૧.૫ કરોડ લીટરની ક્ષમતાવાળા ઘણા સુવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનુ નિર્માણ કરવામાં આવશે. જર્મનીની આ પહેલમાં ૧૩ સુવેજ પમ્પિંગ સ્ટેશન બનાવવાનુ પણ સામેલ છે. ૨૦૧૫માં જર્મનીની સરકારે ભારતને જર્મન ડેવલપમેન્ટ બેંક દ્વારા ૧૨ કરોડ યુરો આપવાની વાત કરી હતી. જર્મનીની વિકાસ એજન્સીએ ગંગા બોક્સ પણ તૈયાર કર્યા છે, જેનો હેતુ સ્કુલ જતા બાળકોને નદી અંગે જાણકારી આપીને જાગૃતિ ફેલાવવાનો છે. બીજીબાજુ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યુ હતું કે, ગંગાના પુનરુત્થાન કાર્યક્રમની પ્રગતિની ઝડપ જોઈને એવુ લાગી રહ્યુ છે કે નદી ૨૦૨૦ સુધી સંપૂર્ણ રીતે સ્વચ્છ થઈ જશે. તેમણે જણાવ્યુ કે, નમામિ ગંગે મિશન અંતર્ગત ૨૨૩૮ કરોડ રુપિયાની રકમવાળી ૨૨૧ પરિયોજનાઓમાંથી મોટાભાગની પૂરી થવાના અંતિમ તબક્કામાં છે.

આખો ઓગસ્ટ મહિનો પૂર્ણથયો છતાં ઉકાઈ ડેમના ઉપરવાસમાં પર્યાપ્ત વરસાદ થયો નહીં

ચોમાસાના અઢી માસના સમયમાં ઉકાઈ ડેમની જળ સપાટીમાં માત્ર ૩૨ ફૂટનો વધારો થયો

સુરત

ચોમાસાના જુલાઈ બાદ ઓગસ્ટ મહિનામાં પણ ઉકાઈના ઉપરવાસમાં ચોમાસુ નબળુ રહેતા ડેમની સપાટીમાં નજીવો વધારો નોંધાયો છે. ચોમાસાના છેલ્લા અઢી મહિના દરમિયાન ઉકાઈ ડેમની સપાટીમાં ૩૨ ફૂટનો જ વધારો નોંધાયો છે.

સુરત જિલ્લા સંચાઈ વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત ચોવીસ કલાક દરમિયાન મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આવેલ તાપી નદીના ગેજ સ્ટેશન વિસ્તારમાં વરસાદ સદંતર બંધ છે. ચોમાસાની શરૂઆત જૂન મહિનાના બીજા સપ્તાહ દરમિયાન થઈ હતી. ચોમાસુ શરૂ થયુ ત્યારે ઉકાઈની સપાટી એકદમ તળીએ જઈને ૨૮૫ ફૂટ થઈ હતી. છેલ્લા અઢી મહિના દરમિયાન ઉકાઈ ડેમની સપાટીમાં ૩૨ ફૂટનો વધારો નોંધાયો છે.ઓગસ્ટ મહિનો એટલે ચોમાસાનું પીક મહિનો કહેવાય સૌથી વધુ વરસાદ ઓગસ્ટ મહિનામાં થતો હોય છે. સપ્ટેમ્બર મહિનાની શરૂઆત સાથે જ વરસાદનું જોર ઘટતું જાય છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આવેલ તાપીનદીના કેચમેન્ટ એરિયામાં વરસાદ સામાન્ય કરતા પણ ઓછો રહ્યો છે. જુલાઈ મહિનાના અંતે ઉકાઈ ડેમ ૧૫ ફૂટ જેટલો ભરાઈને સપાટી ૩૦૦ ફૂટે પહોંચી હતી. આજે ઓગસ્ટ મહિનાના અંતે વધુ ૧૭ ફૂટનો ઉમેરો થતા સપાટી ૬૧૭ ફૂટ થઈ છે. જુલાઈ મહિનાની જેમ ઓગસ્ટ મહિનામાં પણ ચોમાસુ નબળુ રહ્યું છે. આજની તારીખ ઉકાઈ ડેમ ભયજનક સપાટી ૩૪૫ ફૂટ કરતા ૨૭ ફૂટ જેટલો ખાલી છે.

હવામાન વિભાગ દ્વારા હાલ ઉકાઈના ઉપરવાસમાં વરસાદની કોઈ આગાહી કરી નથી. સપ્ટેમ્બર મહિના દરમિયાન મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં વરસાદ થાય તો ઉકાઈમાં આવક વધશે અને સપાટીમાં વધારો થઈ શકશે. ગત વર્ષે ચોમાસાના અંતે ઉકાઈની સપાટી ૩૨૫ ફૂટ સુધી જ નોંધાઈ હતી. આ વર્ષે ઉકાઈની સપાટીમાં વધારો થાય તે દક્ષિણ ગુજરાતની સિંચાઈ માટે જરૂરી છે.

પાલમાં બે રીઝર્વ જમીન પર તાણી દેવાયેલા ૫૦ જેટલા ઝુંપડા તોડાયા

લક્ષ્મીનારાયણ સોસાયટીમાં ચોથા માળનું ગેરકાયદે બાંધકામ તોડાયું

સુરત

ટી.પી. સ્કીમ નં.૮ પાલનપોર, કટારીયા શો-રૂમની નજીક આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૨૯ કે જે સુરત મહાનગરપાલિકાનો સેલ ફોર કોમર્શિયલ હેતુ માટેનો રીઝર્વેશન પ્લોટ છે. જેમાં વસતા કુલ ૩૮ ઝુંપડાઓ તથા પાલ આર.ટી.ઓ.ની સામે હજીરા રોડ પર આવેલ ફાયનલ પ્લોટ નં.૧૫૦ કે જે પણ સુરત મહાનગરપાલિકાનો સેલ ફોર કોમર્શિયલ હેતુ માટેનો રીઝર્વેશન પ્લોટ છે, જેમાં વસતા કુલ ૧૫ ઝુંપડાઓને રાંદેર ઝોનનાં શહેર વિકાસ ખાતા તથા દબાણના સ્ટાફ દ્વારા દૂર કરી સરકારી જગ્યા પૈકીની આશરે ૫૫૦૦.૦૦ ચો.ફૂટ જેટલી જમીન ખુલ્લી કરી તેનો કબજો લેવામાં આવેલ છે. તદ્ઉપરાંત પાલ ફા. પ્લોટ નં.૧૨૫માં આવેલ લક્ષ્મીનારાયણ સોસાયટીના સબ પ્લોટ નં.૨ વાળી મિલ્કતમાં મિલ્કતદાર દ્વારા ચોથા માળે આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ ભરવાનું તથા ચણાતર કામ કરવા સહિતનું આશરે ૭૦૦.૦૦ ચો.ફુટ જેટલુ સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિનાનું ગેરકાયદેસર બાંધકામ કરેલ. સદર ગેરકાયદેસર બાંધકામ અત્રેથી દૂર કરવામાં આવેલ. સદર ગેરકાયદેસર બાંધકામ અન્વયે મિલ્કતદાર પાસે ડિમોલીશન ચાર્જ પેટે કુલ રૂા.૧૦,૦૦૦ વસૂલ લેવામાં આવેલ.

યોગી ચોક સરદાર ફાર્મમાં પાટીદારોના પ્રતિક ઉપવાસ સાથે ભજન-કિર્તન

હાર્દિક પટેલના સમર્થનમાં સુરતમાં કાર્યક્રમ યોજાયો

સુરત

ખેડૂતોના દેવા માફી અને પાટીદાર સમાજને અનામતની માગણી સાથે આજે સતત છઠ્ઠા દિવસે હાર્દિક પટેલ અમદાવાદ ખાતે આમરણાં ઉપવાસ ઉપર બેઠો છે. હાર્દિકના સમર્થનમાં સુરતમાં સોસાયટી-સોસાયટીએ પાટીદારોએ દ્વારા પ્રતિક ઉપવાસ શરૂ કરતા પાટીદાર આંદોલન ફરી વેગવંતુ બની રહ્યું છે.

હાર્દિક પટેલનો આમરણાંત ઉપરવાસનો આજે છઠ્ઠો દિવસ છે. ઉપરવાસ પણ બે સંતાનની સાથે હાર્દિકે જાહેરાત કરી હતી કે જ્યાં સુધી ખેડૂતોનું દેવું માફ ન થાય અને પાટીદારોને આરક્ષણ ન મળે ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખવાની ખાત્રી આપી દીધી છે. આજે છઠ્ઠા દિવસે હાર્દિકની તબિયત નબળી પડી છે. હાર્દિકના સમર્થનમાં સુરતમાં પાટીદારોના પ્રભુત્વાવાળા વિસ્તારોમાં પ્રતિક ઉપવાસ શરૂ કરવામાં આવ્યા છે. આજે કતારગામ ડભોલી રોડ ખાતે સૂર્યમ રેસિડેન્સી હરીદર્શન સોસાયટી પુણા સીતાનગર ચોક નેતલદે સોસાયટી વાડી, કામરેજ નવાગામ શ્યામનગર સોસાયટી, સીમાા નાકા ધર્મરાજ્યપાર્ક સોસાયટી ખાતે પાટીદારો દ્વારા સવારથી સાંજ સુધી પ્રતિક ઉપવાસ શરૂ કરવામાં આવ્યા છે.

યોગીચોક ખાતે કોર્પોરેટર નિલેશકુંભાણીના સરદાર ફાર્મમાં આજે ભજનમંડળી દ્વારા રામધુન કાર્યક્રમ યોજી હાર્દિક પટેલના સારા સવારથી માટે પ્રાર્થના કરવામાં આવી હતી. પાટીદાર કાર્યકરો દ્વારા રકતદાન પણ કરવામાં આવ્યું છે. કોર્પોરેટર ધીરૂભાઈ રામજીભાઈ લાઠિયા દ્વારા પ્રતિક ઉપવાસ શરૂ કરવામાં આવ્યા છે.

બારડોલી અને પલસાણામાં બે વાહનોમાંથી દારૂ ઝડપાયો

સુરત

બારડોલી અને પલસાણા પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે બે વાહનો સહિત રૂા.૧૬.૨૧ લાખનો મુદ્દામાલ જમ કર્યો હતો.

બારડોલી પોલીસે બાતમીના આધારે બારડોલીના તાજપોર ગામની સીમમાંથી ડસ્ટર ગાડી જમ કરી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રૂા.૫૦,૮૪૪નો જમ કર્યો હતો. પોલીસે દારૂ, ગાડી, બે મોબાઈલ ફોન, રોકડા મળી કુલ રૂા.૫,૫૯,૦૯૪નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બારડોલી પોલીસે આરોપી અનિલ અશોક સપકાળે, (રહે. અડાજણ), મોહન ઉર્ફે મોહમ્મદ કટલેરીવાળાની ધરપકડ કરી હતી. જ્યારે સેલવાસ વર્ધન બિયર બારના નોકર ચંદન, રવિ, હિતેશને વોન્ટેડ જાહેર કર્યા હતા. પલસાણા પોલીસે ટેમ્પો જમ કરી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૩૭૨૦ બોટલ કિંમત રૂા.૭,૬૨૦૦૦ કબજે કર્યો હતો. આ ટેમ્પામાં ચોરખાનું બનાવી દારૂની બોટલો સંતાડવામાં આવી હતી. પલસાણા પોલીસે રાજુ ઉર્ફે ડંપર વામન કોળી રહે. લીંબાયતની ધરપકડ કરી હતી. પોલીસે કુલ રૂા.૧૦,૬૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આંગડીયા કર્મચારી, ખેત મજૂર સહિત ચાર લોકોએ કરેલી આત્મહત્યા

સુરત શહેરમાં જુદા જુદા ચાર આપઘાતના કિસ્સા નોંધાયા

સુરત

સુરતમાં દિવસે દિવસે આપઘાતના બનાવોનું પ્રમાણ વધતું જાય છે. શહેર અને જિલ્લામાં બનેલા આપઘાતના વધુ ચાર બનાવોમાં જુદી જુદી ચાર વ્યકિતઓએ રહસ્યમય સંજોગોમાં ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાસોદરા ગામ ખાતે ઓમ ટાઉનશિપ વિભાગ-૨માં રહેતા રજનીભાઈ ઉર્ફે ભરતભાઈ માવજીભાઈ પોલીસ મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં આવેલા હાથરાણી ગામના વતની હતા અને છૂટક મજૂરી કરી પરિવારનું પેટિયું રળતા હતા ભરતભાઈએ ગઈકાલે પોતાના ઘરે રસોડાની છતના હૂક સાથે દોરી વડે ફાંસો ખાઈ લીધો હતો. આપઘાત એ તેમની પત્ની સાધનાબેન સરથાણા પોલીસને જાણ કરી હતી.

ગોડાદરા-આસપાસ ખાતે પ્રિયંકા ટાઉનશિપમાં રહેતા ૪૫ વર્ષિય બૈધનાથ બિકરૂભાઈએ રાજપૂત કુરિયર કંપનીમાં કામ કરતા હતા કુરિયર બોય બૈધનાથે મકાન માટે ભરેલા રૂપિયા પરત નહીં મળતા પાછલા ૮ માસથી માનસિક તાણમાં હતા અને આરખે ગઈકાલે નાનપુરા ખાતે આવેલી આકાશગંગા કુરિયર કંપનીના મકાનમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. આપઘાત અંગે બૈધનાથના પુત્ર શિવનાથે સલાબતપુરા પોલીસને જાણ કરી હતી.

ઉધના સ્થિત અંબાનગર વિભાગ-૧માં આવેલી વકીલ શેરીમાં રહેતા ૪૦ વર્ષિય નરેશભાઈ કાળીદાસ રાઠોડ ગઈકાલે પોતાના ઘરે દાદર પરના લાકડા સાથે સાડી વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. રહસ્યમય આપઘાત અંગે નરેશભાઈના પુત્ર મનોજભાઈએ ખટોદરા પોલીસને જાણ કરતા કાયદેસર કાર્યવાહી કરાઈ હતી.

જ્યારે ઉમરપાડા તાલુકામાં આવેલા વાડી વચલા ફળિયામાં રહેતા ૨૧ વર્ષિય ખેત મજૂર અભય ચંદુભાઈ વસાવાએ કોઈ સંજોગો વસાત ખેતરમાં ખાખરાના ઝાડ સાથે દુપટ્ટા વડે ફાંસો ખાઈ મોતને વ્હાલુ કરી લીધું હતું. ખેતમજૂરના આપઘાત અંગે દિનેશભાઈ વસાવાએ ઉમરપાડા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે જાણવાજોગ ફરિયાદ અંગે ચોપડે નોંધ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

કામરેજના ખેતરમાં જુગાર રમતા ૬ પકડાયા

સુરત

કામરેજ તાલુકાના અબ્રામા ગામના એક ખેતરમાં શહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૬ જુગારીઓની ધરકડ કરી રૂા. ૫૦,૭૦૦ રોકડા મોબાઈલ સીમ તથા બે મોટર સાઈકલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, પોલીસે તમામ જુગારીઓને જામીન મુકત પણ કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ તાલુકાના અબ્રામાથીવેલંજા રોડ પર જાહેરમાં ગોળકુંડાળુવાળીને તીનપત્તીનો જુગાર રમતા સાયણ ગામના કિરણ અંબરામ ત્રિવેદી, પ્રશાંત છોટુભાઈ પટેલ, મનિષ રમેશભાઈ પટેલ, શિવણ ગામના જયકુમાર દે.સાઈ તથા ઉભેળ ગામના પંકજ રણજીતભાઈ મોદીને કામરેજ પોલીસે પકડી લઈ તેઓ પાસેથી ૫૦ હજાર રૂા. રોકડા તથા દાવ પરના રોકડા રૂા. ૭૦૦, ૧૪ હજારની કિંમતના કુલ્લે ૫ મોબાઈલ ફોન અને બે મોટર સાઈકલ મળી કુલ્લે ૧.૧૪ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરતમાં બે સ્થળોએ શ્રાવણીઓ જુગાર રમતા ૧૧ જુગારી ઝડપાયા

રોકડા રૂા. ૯૯ હજારથી વધુની રકમ પોલીસે કબજે કરી

સુરત

નાના વરાછા અને લસકાણામાં પીસીબી, સરથાણા પોલીસે દરોડા પાડી ૧૧ જુગારીની ધરપકડ કરી રૂા. ૯૯,૧૧૦ કબજે કર્યા હતા.

પીસીબી પોલીસે બાતમીના આધારે નાના વરાછા અરવિંદ કોમ્પલેક્ષ ફલેટ નં. ૩૦૧માં દરોડા પાડયા હતા. આ ફલેટમાં જુગારની કલબ ચલાવનાર શામળા વિરાજી પટેલ સહિત કમલેશ શામજી ડોબરિયા, અનિલ નરસિંહ પટેલ, દલસુખ ગગજી પટેલની ધરપકડ કરી રોકડા રૂપિયા ૮૩,૨૫૦ કબજે કર્યા હતા. આ અંગે પીસીબીના એએસઆઈ રમેશ દુલર્ભ કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સરથાણા પોલીસે લસકાણા મારૂતિનગર ઈન્ડસ્ટ્રીયલમાં જુગાર રમતા મો. ખુરશીદ આમલ, પ્રદીપ સુરેન્દ્ર નાહક, ભરત મગન સોલંકી, રાજુ રામાયણ પટેલ, સમીર પ્રમોદ બીસોઈ, સોનુ સંતોષ પ્રધાન, પ્રવીણ અશોકની ધરપકડ કરી રોકડા રૂા. ૨૫.૮૫૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વરાછામાં વ્યાજખોરોએ વસૂલી માટે રત્નકલાકારને ઢોર માર માર્યો

રૂપિયા ચૂકવી દીધા છતાં નવ લાખનું બળજબરીપૂર્વક લખાણ લખાવી લીધું

સુરત

વરાછામાં રત્નકલાકારને આપેલા વ્યાજે રૂપિયાની વસૂલાત કરવા માટે વ્યાજખોર ઓફિસે લઈ જઈ પોતના માણસો સાથે મળી રત્નકલાકારને માર મારી રૂપિયા ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર નવ લાખ રૂપિયાનું લખાણ લઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા હીરાબાગ આદર્શ નગર સોસાયટીમાં રહેતા રત્નકલાકાર શૈલેષ કાનજીભાઈ રિવડીયાએ આરોપી કુંજલ જનર પટેલ (રહે. ૩૦૨, નવકાર ચેમ્બર્સ વરાછા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીએ આરોપી પાસેથી રૂા. ૩૫૦૦૦ ત્રણ ટકાના વ્યાજે લીધા હતા. ૧૪ મહિના સુધી રૂા. ૩૫૦૦ લેખે ચૂકવ્યા બાદ બીજા રૂા. ૩૦૦૦ વ્યાજપેટે ચૂકવી દીધા હતા. તેમ છતાં આરોપીઓએ રૂપિયાની ઉઘરાણી કરી તા. ૧૬-૮-૧૮ના રોજ ફરિયાદીને ઓફિસે લઈ જઈ તારે રૂપિયા નવ લાખ આપવા પડશે. તેમ કહી માર માર્યા હતો. તેમજ ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ-પેપર ઉપર નવ લાખ રૂપિયાનું લખાણ લઈ રૂપિયા નહીં આપશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વરાછા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

માનદરવાજાના જર્જરીત ટેનામેન્ટો ખાલીકરવા નોટીસો ફટકારાઈ

ટેનામેન્ટ ખાલી નહીં કરાશે તો સીલ મારવાની કામગીરી હાથ ધરાશે

સુરત

તાજેતરમાં અમદાવાદ શહેરમાં બે બ્લોક્સ તૂટી પડવાની જે ઘટના બની છે તે અંતર્ગત થયેલ જાનહાનિને ધ્યાનમાં લઈ, નામદાર રાજ્ય સરકાર દ્વારા તા.૨૯-૮-૨૦૧૮ના પત્રથી જો કોઈ જર્જરીત મકાન પડી જાય તેવી હાલતમાં હોય તો તેને નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરીને ખાલી કરાવવા જણાવવામાં આવેલ છે. ઉક્ત વિગતો ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકા દ્વારા પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં રિંગરોડ પર માનદરવાજા ખાતે આવેલ હાયર પર્ચેજથી ફાળવવામાં આવેલ ટેનામેન્ટોના અગાઉ કરવામાં આવેલ સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી રિપોર્ટ મુજબ સદર ટેનામેન્ટની હાલત જર્જરીત થયેલ હોવાનું જણાય છે. જે ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાના લીંબાયત ઝોન દ્વારા સલામતીના કારણોસર ટેનામેન્ટ વાસીઓને વખતો વખત નોટીસો પાઠવી ટેનામેન્ટ ઉતારી પાડવા તથા ખાલી કરવા જણાવવામાં આવેલ હોવા છતાં ટેનામેન્ટ વાસીઓ દ્વારા કોઈ કાર્યવાહી હાથ ન ધરાતા, સુરત મહાનગરપાલિકા, સાઉથ ઈસ્ટ ઝોન દ્વારા ફરીથી બીપીએમસી એક્ટની કલમ ૨૬૮ મુજબ નોટીસ પાઠવી માનદરવાજા ટેનામેન્ટને ખાલી કરાવવા સીલ મારવા સુધીની કાર્યવાહી હાથ ધરી છે.

જન્માષ્ટમીની જાહેર રજ છતાં સોમવારે પ્રાણીગૃહ ખુલ્લુ રહેશે

સુરત

જાહેર જનતાને જણાવવાનું કે તા.૩-૯-૨૦૧૮ને સોમવારના રોજ જન્માષ્ટમીનું પર્વ હોય અને તમામ સરકારી તથા અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં જાહેર રજા રહેતી હોય, સોમવારના દિવસે પ્રાણી સંગ્રહાલયની અઠવાડિક રજા હોવા છતાં જાહેર જનતાને પ્રાણી સંગ્રહાલય નિહાળવાનો લાભ મળી રહેનું ધ્યાને રાખી પ્રાણી સંગ્રહાલય જન્માષ્ટમી નિમિત્તે તા.૩-૯-૨૦૧૮ના રોજ મુલાકાતીઓ માટે ખુલ્લુ રાખવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ લાભ લેવા પ્રાણી સંગ્રહાલય ખાતાએ એક યાદીમાં જણાવેલ છે.

કાઈમ બ્રાન્ચે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી

સુરત

ડીંડોલી નંદનવન સોસાયટી પાસેથી ડીસીબે પોલીસે ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલી કાર જપ્ત કરી એકની ધરપકડ કરી હતી. બેને વોન્ટેડ જાહેર કરાયા હતા. ડીસીબી પોલીસે આરોપી નિલેશ એમરસિંહ રાઠોડની ધરપકડ કરી અને આરોપી ચેતન મધુસુદન રાણા, પ્રશાંત ઉર્ફે પીન્ટુને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે કાર નં. એમએચ-૪૩-બીજી-૦૬૯૩ કબજે લઈ વ્હીસ્કી, બિયરની બોટલો રોકડા રૂા. ૨,૧૯,૧૫૦ કુલ્લે રૂા. ૨૪,૪૪,૫૦૦ની મતા કબજે કરી હતી. ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ડીંડોલીમાંથી દારૂ ઝડપી પાડતા સ્થાનિક પોલીસ પણ હરકતમાં આવી ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

વાહકજન્ય રોગોની પરિસ્થિતિ અંગે ડેન્ગ્યુ સમીક્ષા બેઠક મળી

મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવા અને ગંદકી ફેલાતી અટકાવવા તાકીદ કરતા ડી.કે.પારેખ

સુરત

સુરત જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમ્યાન જિલ્લાના કેટલાક ગામોમાં વાહક જન્ય રોગમાં અસાધરણ વધારો નોંધાયો હોવાનું જણાતા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.પારેખની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયતના સભાગૃહમાં વાહકજન્ય રોગોની પરિસ્થિતિ સંદર્ભે ડેન્ગ્યું સમિક્ષા બેઠક યોજાઈ હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.પારેખે આવનારા દિવસોમાં વાહક જન્ય રોગનો ફેલાવો અટકી શકે તે માટે તમામ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવા અંગેની તાત્કાલિક અને સખત કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ખાસ કરીને ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીયલ ઉદ્યોગોની લેબર કોલોનીમાં ગંદકી ફેલાતી જણાય તો સંબંધિતો સામે કડક હાથે પગલા લેવા તાકીદ કરી હતી. રોગ અટકાયતી પગલાની કામગીરી નવેમ્બર-૨૦૧૮ સુધી ચાલુ રાખવા પણ શ્રી પારેખે જણાવ્યું હતું. બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી પંચાયત, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સ્વચ્છતા સર્વેક્ષણ DRDA, લાઈઝન ઓફિસરશ્રી, ચીફ ઓફિસરશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા હેલ્થ અધિકારીશ્રી, એપીડેમિક મેડીકલ ઓફિસરશ્રી, મેડિકલ ઓફિસરશ્રી અને તલાટી કમ મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.